જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૧૮ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૫૧૯/૧૮**

## છેલ્લા 11 વર્ષથી અપહરણના ગુના નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

મહેરબાન પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર 02 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન 5 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં નાસ્તા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ રાખેલ હોય જે ડ્રાઇવ આધારે અમોએ નાસ્તા ફરતા આરોપીઓ પકડવા સારૂ જુદી જુદી ટીમો બનાવેલ જેમાં સુરેલીયા ચોકી પો.સ.ઇ. એ.ઓ.ભરવાડ તથા અ.હે.કો. રણજીતસિંહ મફતસિંહ બ.નં.7783 તથા અ.પો.કો. શિવપ્રકાશ શેષમણી બ.નં.3393 તથા અ.પો.કો.ચેતન રણછોડભાઇ બ.નં.7676 તથા અ.પો.કો. સિરાજહુસેન દાદુભાઇ બ.નં.4674 નાઓ ઉત્તરપ્રદેશ ખાતે આરોપી પકડવા સારૂ મોકલેલ જેઓએ તપાસ દમ્યાન આરોપીની વોચમાં રહી રામોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.82/2007 ઇપીકો કલમ 363, 366 મુજબના ગુનામાં આરોપી <u>વિષ્ણુસિંહ મહોરસિંહ સોલંકી ઉ.વ.46 રહે. મુકતાનંદ પાર્ક જામફળવાડી કેનાલ પાસે રામોલ અમદાવાદ શહેર મુળ ગામ ક્રીપાલનગલા પો.સ્ટ. યાકુબગંજ થાના શાહવર તા.શાહવર જી.કાશીરામનગર એટાની બાજુમાં ઉત્તરપ્રદેશ</u> નાઓ મળી આવતા રામોલ પો.સ્ટે. ખાતે લાવી ઉપરોકત ગુનાના કામે તા.26.12.2018 ના ક.18.00 વાગે પકડી છેલ્લા 11 વર્ષથી અપહરણના ગુનામા નાસ્તા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરેલ છે.

## મોબાઇલ ઝુંટવી લુટ ચલાવતા બે આરોપીઓને પકડી ગુનાનો ભેદ ઉકેલતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.એમ.તડવી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા તથા અ.હે.કો રામસિંહ જુજારસિંહ બનં.૮૨૦૨ તથા. પોકો અનિલભાઇ સોનજીભાઇ બનં.૪૩૦૧ તથા પોકો હસમુખભાઇ કાનજીભાઇ બનં ૩૨૬૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં ફરતા ફરતા બાપાલાલ કડીયાની ચાલી પાસે આવતા સાથેના પોકો અનિલભાઇ સોનજીભાઇ બનં.૪૩૦૧ તથા પોકો હસમુખભાઇ કાનજીભાઇ બનં ૩૨૬૩ નાઓએ સંયુકત બાતમી આધારે (૧) રાહુલ મંગાભાઇ પટણી (૨) રાજ ઉર્ફે લલ્લો પ્રવિણભાઇ પટણી નાઓને એક્ટીવા તથા મોફોન સાથે પકડી પાડી શહેરકોટડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૩૭/૧૮ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના વણ શોધાયેલ ગુનાનો ભેદ ઉકેલી લુંટમાં ગયેલ મોબાઇલ ફોન રીકવર કરી આરોપીઓએ લુંટના ગુનામાં ઉપયોગમાં લીધેલ એક્ટીવા જીજે-૨૭-સીસી-૨૧૨૦ જેની કિ.રૂ.30000/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ. એ.ડી.ચાવડા નાઓ ચલાવી રહેલ છે.

## ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પકડી પાડતી એરપોર્ટ પોલીસ

અધિક પોલિસ કમિશ્નર શ્રી સેક્ટર-૨, તથા નાયબ પોલિસ કમિશ્નર શ્રી ઝોન-૪, તથા મદદનીશ પોલિસ કમિશ્નર શ્રી ' જી ' ડીવિઝન નાઓએ આગામી ૩૧મી ડીસેમ્બર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી આવતો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પકડી પાડવા સુચના આપેલ, જેથી એરપોર્ટ પોલિસ સ્ટેશનના પોલિસ ઇન્સ્પેક્ટર શ્રી કે.સી.રાઠવા સા.નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.જે.એસ.ચંપાવત તથા પો.સ.ઇ.ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસોએ સાથેના અ.પો.કો સહદેવસિંહ ભુપતસિંહ તથા અ.પો.કો મહેન્દ્રસિંહ મૂળૂભા નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે દિનેશ સ/ઓફ છગનલાલ જગ્ગાજી જાતે ડાંગી ઉ.વ.૨૦ ધંધો ડ્રાઈવિંગ રહેવાસી-ગામ રખ્યાવલ તા. માવલી જી. ઉદેપુર રાજસ્થાન નાને ભારતીય બનાવટનો વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ નંગ-૬૪૨ કિં.રૂ.૧,03,૨00/- તથા સફેદ કલરની મેઝ્ના આઈ-૨૦ ફોર વ્હીલ ગાડી નં-GJ-01-RU-0625 કિં.રૂ-૪,00,000/- મળી કુલ્લે રૂ.૫,03,૨00/- ની મત્તા સાથે તા-૨૮/૧૨/૨૦૧૮ ના કલાક-૧૫/30 પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તા.૨૮/૧૨/૨૦૧૮

## પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશનની પોલીસ તા:૨૮/૧૨/૧૮

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ આગામી ૩૧મી ડિસેમ્બરના અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવુતી કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા મ.સ.ઇ રાજેન્દ્રસિંહ જશવંતસિંહ તથા પો.કો મહેલકુમાર અમૃતભાઇ તથા અ.પો.કોન્સ. કપિલકુમાર કાન્તિભાઈ તથા પો.કોન્સ રજનીશકુમાર હરીભાઇ તથા નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન હતા તે દરમ્યાન આધારભુત બાતમી હકીકત આધારે " નિકોલ પંચમ મોલ પાછળ આવેલ મ્યુ.કોપોરેશન "ફ્રી" પાર્કીંગમાં રેઇડ કરતા બે ઇસમો પૈકી લિસ્ટેડ બુટલેગર નં-૦૧ કલ્પેશ ઉર્ફે કાલુ કોરાટ સન/ઓફ જયંતીભાઇ પટેલ રહે-બ્લોક નં-ડી મ.નં-૪૦૧ સંસ્કૃત રેસીડન્સી નિકોલ અમદાવાદ શહેર તથા તેનો સાગરીત (૨) ભાવિન ઉર્ફે લાલો સન/ઓફ ત્રંબકભાઇ મુળશંકરભાઇ જોષી રહે-બ્લોક નં-એ મ.નં-૧૦ જીવનધારા સોસાયટી નિકોલ અમદાવાદ શહેર નાને ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલો નંગ-૪૪ કિ.રૂ.૨૫,૨૦૦/-તથા ઇન્ડીકા ગાડી-GJ-01-KA-8801 જેની કિ.રૂ-૧,૦૦,૦૦૦/- તથા એક્ટિવા જેની કિ.રૂ.૪૦,૦૦૦/- તથા રોકડા નાણા રૂ.૧૮૦૦/- તથા ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલો નંગ-૪૪ જેની કિ.રૂ.૨૫,૨૦૦/- મળી કુલ્લે રૂ.૧,૬૭,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રશનીય કામગીરી કરેલ છે

## ફ્રેકચર ગેંગના મુખ્ય સુત્રધાર તેમજ લિસ્ટેડ બુટલેગર પ્રોહીબિશનના ગુનામાં પાસા અટકાયતી હેઠળ ભુજ જેલ ખાતેથી પેરોલ જમ્પ થયેલ ઇસમને ઝડપી પાડતી નિકોલ પોલીસ તા:૨૮/૧૨/૧૮

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા પો.સબ.ઇન્સ શ્રી એચ.ડી.વાઢેર તથા પો.કો રજનીશકુમાર હરીભાઇ બકલ નંબર-૪૨૫૩ તથા લો.ર. દિનેશકુમાર હમીરભાઈ બ.નં.૧૧૨૪ તથા લો.ર રવિરાજસિંહ કાનજીભાઇ બ.નં-૧૩૩૪ નાઓએ પેટ્રોલીંગ દરમ્યાન આધારભુત બાતમી હકીકત આધારે " પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની કચેરીના હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએ/પાસા/૧૦૨૮/૨૦૧૮ તા:૨૭/૧૦/૧૮ થી થયેલ હુકમ આધારે પાસા અટકાયતી જયસિંહ ઉર્ફે મુન્નો સન/ઓફ ભરતસિંહ રામસિંહ રાજપુત નાનો તેના રહેણાંકના સરનામેથી હાજર મળી આવતા કાયદેસર કાર્યવાહી કરી યોગ્ય કેદી જાપ્તા હેઠળ ભુજ મધ્યસ્થ જેલમાં કેદ રહેવા સારૂ મોકલી આપી પ્રશનીય કામગીરી કરેલ છે

## જેતલપુર ગામમાં જાહેરમાં જન્ના મન્નાનો હારજીતના જુગાર રમવાના સાધનો સાથે કુલ-૧૪ ઈસમોને પકડી કુલ્લે રૂપિયા-૫,૨૨,૩૦૦/-નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ પોલીસ ઈન્સપેકટરશ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ એ.જી.બ્રિદ સાહેબ તથા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક. ૧૮/૧૫ વાગે જેતલપુર ગામ ઓવરબ્રિજ પાસે આવતા પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ નાઓએ બાતમી હકિકત આપેલ કે, " જેતલપુર ગામમાં રહેતો ખેંગારસિંહ વનુભા પરમાર નામનો ઇસમ જેતલપુર ગામ તળાવની બાજુમાં ખુલ્લી જગ્યામાં બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી જન્ના મન્નાનો હાર જીતનો જુગાર રમી–રમાડે છે. અને આ પ્રવૃતિ હાલમાં ચાલુ છે."" જે બાતમી હકિકત આધારે રેઈડ કરતાં આરોપીઓ (૧) રોહિત મનસુખભાઇ જાતે જાદવ ઉ.વ.૩૫ ધંધો.વેપાર રહે.લક્ષ્મીપુરા ગામ નવા બળીયાદેવ મંદિર પાછળ લાંભા ગામ, તા.દસ્ક્રોઈ, જી.અમદાવાદ + ૧૩ = ૧૪ નાઓને રોકડા નાણા રૂ.૨૬૪૦૦/- તથા દાવના નાણા રૂ.૭૯૦૦/- તથા જન્ના મન્નાના ચાર્ટ નંગ-૦૧ કિ.રૂ.૦૦/૦૦ તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૧૨ ની કુલ્લે કિ.રૂ.૧૮૦૦૦/- તથા મળી આવેલ મો.સા.કુલ નંગ-૧૪ જેની આશરે કિ.રૂ.૪,૭૦,૦૦૦/- એમ મળી આવેલ કુલ્લે કિ.રૂ.૫,૨૨,૩૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી અટક કરેલ છે. તથા નાશી ગયેલ આરોપી ખેંગારસિંહ વનુભા પરમાર રહે.જેતલપુર ગામ અમદાવાદ નાઓને પકડવાની તજવીજ ચાલુ છે. અને ઉપરોકત બાબતે નારોલ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૨૫૨/૧૮ ધી જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## ૧૪ વર્ષથી નાસતો ફરતો આરોપીને પકડતી બાપુનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ નાસતા-ફરતા આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એચ" ડિવીઝનનાઓના માર્ગદર્શન હેઠળ બાપુનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.પી.તરેટીયા તથા સર્વેલન્સ ટીમ ના સામુહીક પ્રયાસથી પો.કો. ધર્મેન્દ્રસિંહ અમરસિંહ તથા લોકરક્ષક સિધ્ધરાજસિંહ ગજેન્દ્રસિંહનાઓની સંયુક્ત બાતમી આધારે બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નંબર ૨૯૩/૨૦૦૪ ઇ.પી.કો. કલમ ૪૯૮(ક) ૧૧૪ તથા દહેજપ્રતિધારા કલમ ૩ ,૭ મુજબના કામનો નાસતો ફરતો આરોપી કૌશિકભાઇ ઉર્ફે કાળુ સવજીભાઇ ચોટલીયા ઉવ ૫૨ રહે. કર્ણાવતી નિવાસ સાઇનાથ રોડ મલાડ મુંબઇ વેસ્ટ મહારાષ્ટ્ર હાલ મુળ વતન જયશ્રી ટોકિઝ ની પાછળ કાનાણીનગર ગેસ ગોડાઉન ની સામે સાવરકૂંડલા જી-અમરેલી નાને આજરોજ તા.૨૮/૧૨/૨૦૧૮ ના ક. ૧૪/૧૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે. તા.૨૮/૧૨/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.